**ક્રિ.કેસ.નં.655/2026**

**–આંક–૧ લગત હુકમ–**

૧. આ કામે ફરિયાદીની ફરીયાદના આધારે ફરીયાદ પક્ષે તપાસ કરનાર અમલદાર તરફથી તપાસના અંતે હાલના તહોમતદાર વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ–૩, ૧૮૧ મુજબના ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે.

૨. આરોપીએ આજરોજ પોતાની ગુના કબુલાતથી પોતાના પરનો ગુનો કબુલ કરતા હોઇ, હાલના આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવી. આરોપીએ પોતાની સ્વૈચ્છીક ગુના કબુલાત આપી, પોતે પોતાની પરનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. વધુમાં આરોપી જણાવે છે કે, પોતાનો પ્રથમ ગુનો છે, ભુલથી ગુનો થયેલ છે, ગુના બદલ પસ્તાવો મહેસુસ કરે છે, ગરીબ માણસ છે અને હવે ફરીથી આવો ગુનો નહી કરે તેવુ જણાવી પોતાની પર રહેમ નજર રાખવા જણાવેલ છે.

૩. આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા. આરોપી સ્વૈચ્છીક ગુના કબુલાતથી પોતાના પરનો ગુનો કબુલ કબુલ કરતા હોઇ, આરોપીને તેના ગુના અંગેની સજાની સમજણ કરવામાં આવેલ છે. આ કામે આરોપી સ્વૈચ્છીક ગુના કબુલાતથી પોતાના પરનો ગુનો કબુલ કબુલ કરતા હોઇ આરોપીની સ્વૈચ્છીક ગુના કબુલાતને નહિં માનવાને કોઇ કારણ નથી. આરોપીની સ્વૈચ્છીક ગુના કબુલાત, તેની ઉંમર, આર્થિક તથા શારીરિક પરિસ્થિતિ તથા દયાની માંગણી ધ્યાનમાં રાખી આરોપીને આ ગુનામાં તકશીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવમાં આવે છે.

**હુકમ**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૨૭૫ અન્વયે આરોપીને બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ–૩, ૧૮૧ મુજબના ગુનામાં તકશીરવાન ઠરાવી રૂ.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ના ભરેતો આરોપીને દિન–૨૦(વીસ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૧ મી જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ–થરાદ

તા.૧૧/૦૭/૨૦૨૬

(કુ.અફસાના એચ.મુદ્રા)
એડી.ચીફ જયુડી. મેજી., થરાદ
Code No.GJ01010